અહમદનું રહસ્ય

ફ્લોરેન્સ અને જુડિથ ચિત્ર: ટેડ



અહમદનું રહસ્ય

ફ્લોરેન્સ અને જુડિથ ચિત્ર: ટેડ

આજે મારી પાસે એક રહસ્ય છે, અને એ આખો દિવસ એક મિત્રની જેમ મારી સાથે રહેશે.

રાતે એને હું મારા પરિવારને જણાવીશ. પણ હવે મારે શહેરમાં જઈને કંઈક કામ કરવાનું છે.

મારો ગધેડો મારી હાથલારી ખેંચે છે. આજે મારે ઘણી જગ્યાએ જવાનું છે. રસ્તા પર રોજ ની જેમ ઘણી ભીડ છે. દરેક વ્યક્તિ ક્યાંકને ક્યાંક જઈ રહી છે. મારી જેમ, દરેક વ્યક્તિને કોઈ જરૂરી કામ કરવાનું છે.

કદાચ એટલે એ આટલો ઘોંઘાટ મચાવે છે!



અહીં દુનિયાના બધા અવાજ એકબીજામાં ગૂંથાયેલા હતા - ટ્રક અને ગધેડા, ગાડી અને ઊંટ, હાથલારી અને બસ, બધા એક સાથે અવાજ કરતા હતા - સીટી અને હોર્ન વગાડતા હતા, હસવાનો અવાજ કરતા હતા.

મારી ગધેડાગાડીનો પણ એક ખાસ અવાજ છે - કરિંક રિંક રિંક, કરિંક રિંક રિંક. મને ખબર છે કે શહેરના બધા અવાજોમાં મારી ગાડીનો અવાજ પણ સામેલ છે, અને મારા વગર એ અધૂરા હોત.

પણ મારા માટે આજનો સૌથો મોટો અવાજ મારા મૌન રહસ્યનો છે, જેના વિષે મેં હજી કોઈને કંઈ કહ્યું નથી.



એ બધા અવાજમાં મને મારું નામ સંભળાય છે "અહમદ! અહમદ!" અને મારું નામ પણ શહેરના અવાજોમાં ભળી જાય છે.

મને હસન બોલાવી રહ્યો છે. એ એની ગાડી નીચે ઝુકે છે અને એની ગાડીના રંગ, રસ્તાના બીજા રંગ સાથે ભળી જાય છે, બરાબર એવી જ રીતે જેમ શહેરના બધા અવાજો એક બીજામાં ભળી જાય છે.

મારી ગાડીનો ખાસ રંગ પણ, શહેરનો એક હિસ્સો છે. ગધેડાને શણગારવામાં મારી પસંદના વાદળી, લીલા અને સોનેરી રંગ ગૂંથ્યા છે. હસન મને કઠોળ અને નૂડલ્સથી ભરેલી એક પ્લેટ પકડાવે છે અને કહે છે, "કેવો જઈ રહ્યો છે આજનો તારો દિવસ, અહમદ ભાઈ?"

હું ખાઉં છું અને સાથે હસનની વાતો અને મજાક પર હસું છું. સાંજે ઘરે જઈને હું એ વાતો મારા પરિવારને સંભળાવું છું. પણ આજે સાંજે હું એમને મારા રહસ્ય વિષે જણાવીશ. આજે સાંજ માટે, મેં એને બહુ સંભાળીને રાખ્યું છે.

હવે કોઈ બીજો ઘરાક હસનની ગાડી પાસે આવે છે એટલે હું વિદાયમાં હાથ લહેરાવું છું. મારે હવે દિવસનું કામ પૂરું કરવા માટે ઉતાવળ કરવી પડશે.

સૌથી પહેલા હું એક વૃદ્ધાના ઘરે જાઉં છું. એ ઘણા સમયથી મારી રાહ જોતી હશે.

"અહમદ! અહમદ!" એ મને બોલાવે છે. "શું આજે તું મારા ચૂલા માટે બળતણ લાવી રહ્યો છે?"

વૃદ્ધા મને બારીમાંથી ડોકિયું કરીને જુએ છે. હું એને જોઈને સ્મિત કરું છું. મને ગર્વ છે કે હું એ ભારે અને મોટી બોટલોને પગથિયાં ચઢીને ઉપરના માળે રહેતી ડોશીને પહોંચાડી શકું છું. મને ગર્વ છે કે મારા આ કામથી હું મારા પરિવારને મદદ કરી શકું છું.





હું બીજી ઘણી જગ્યાએ જાઉં છું, અને હવે મને ફરી ભૂખ લાગી છે. હું એ ચમકીલી લાલ-પીળા રંગની ગાડીની શોધમાં છું જ્યાંથી હું રોજ બપોરનું ખાવાનું ખરીદું છું. એ ગાડી મને હંમેશાની જેમ એ જ જૂની ઇમારત પાસે ઉભેલી દેખાય છે. હું ભાત અને કઠોળ ખરીદું છું, અને ઇમારતની દિવાલના છાંયામાં બેસીને ભોજન કરૂં છું.

પિતાજીએ મને જણાવ્યું હતું કે એ ઇમારત એક હજાર વર્ષ જૂની છે. જયારે એ દીવાલ બની હતી ત્યારે મારા દાદાના દાદાના દાદાનો જન્મ પણ થયો ન હતો. મારા શહેરમાં એવી ઘણી જૂની ઇમારતો અને દીવાલો છે. હું ઘણી વાર એની છાંયામાં આરામ કરું છું.

જમીને હું થોડી વાર આડો પડું છું. પિતાજી ચાહે છે કે હું રોજ એવી રીતે આરામ કરૂં. "જો તારા મગજમાં શાંતિ નહીં હોય, તો પછી એ અવાજથી ભરાઈ જશે," એણે મને કહ્યું હતું. પિતાજીએ મને શહેરમાં ભમતા શીખવાડયું. એણે મને એ બધા સ્થાન પણ દેખાડયા જ્યાં મારે એ ભારે બોટલ પહોંચાડવાની હતી.

શરૂઆતમાં હું એ ભારે કામ કરવાને લાયક ન હતો. ત્યારે હું ફક્ત ગાડીમાં બેસીને પિતાજીને ભારે બોટલ ઉઠાવતા જોતો હતો. એક દિવસ મેં એને કહ્યું કે હું પણ એ કામ કરી શકું છું. એણે મને ગાડીમાંથી ભારે બોટલ ઉઠાવતા જોયો. પણ મારાથી એ ભારે બોટલ ઉપડી જ નહીં! એનાથી મને બહુ શરમ આવી.

"લાગે છે તું બહુ જલ્દી મોટો અને બળવાન થવા ચાહે છે," એ દિવસે પિતાજીએ મને કહ્યું. જિંદગીમાં પહેલી વાર મને પિતાજીના ચહેરા પર થાક દેખાયો. મેં શહેરમાં એવા ઘણા વૃદ્ધ લોકો જોયા હતા.

"તું જલ્દીથી મોટો અને બળવાન જરૂર બનજે, અહમદ," પિતાજીએ કહ્યું, "પણ બેટા, બુઢ્ઢા થવાની ઉતાવળ ક્યારેય કરતો નહીં."

હવે જયારે હું એ જૂની ઇમારતની છાંયામાં આડો પડયો છું, તો મને એ રેતીના સમુદ્રની યાદ આવે છે જેનાથી અમારું શહેર ઘેરાયેલું છે. રેતી બહુ દૂર સુધી ફેલાયેલી છે. જ્યાં સુધી હવા છે, ત્યાં સુધી એ ફેલાયેલી છે.

પિતાજી કહે છે કે હવા એટલા માટે રેતીને શહેરમાં ફેલાવે છે, કે આપણે એ ભૂલી ન જઇયે કે આપણે રણમાં વસીયે છીએ. સાચું તો એ છે, કે આપણે પોતે, રણનો એક ભાગ છીએ.

પિતાજીના કહેવા પ્રમાણે અમારું શહેર એક તરફ રણ થી, અને બીજી બાજુ નદી થી ઘેરાયેલું છે.



"આપણે રણ અને નદીની વચ્ચમાં રહીયે છીએ," પિતાજીએ કહ્યું. "રણ અને નદી બંને આપણા મિત્ર છે."

દુનિયાભરના લોકો અમારા શહેરને જાણે છે અને એના નામ "કૈરો" ને યાદ કરે છે. લોકો અમારી મહાન નદી "નાઇલ" ને પણ યાદ કરે છે.

"આપણા રણનું પણ શું કોઈ નામ છે?" મેં પૂછ્યું.

પિતાજીએ જવાબમાં એના ખભા ઉલાળ્યા અને એ હસ્યા. "ગરમ હવાઓ આપણા રણને ઘર કહીને બોલાવે છે."

પિતાજીએ પોતે ક્યારેય રણને પાર કર્યું નથી. પણ અમારા શહેરમાં ઊંટના કાફલા છે જેના માલિકોએ રણને ઘણી વાર પાર કર્યું છે. એ એના ઊંટ પર રણને એવી જ રીતે પાર કરે છે જેવી રીતે નાવ નાઇલ નદીને પાર કરે છે.

હું દીવાલને ટેકે મારુ માથું રાખીને આ બધી વાતો અને મારા રહસ્ય વિષે વિચારું છું. પણ ઘરે પાછા ફરતા પહેલા મારે ઘણા કામ કરવાના છે.

સૌથી પહેલા હું મારા સેન્ડલમાં ભરેલી રેતી ખંખેરું છું. રેતી પણ, અવાજ અને રંગો ની જેમ અમારા જીવનનો એક હિસ્સો છે. પિતાજી પણ આ વાતથી સંમત છે. મારા આગલા મૂકામ પર મને એક છોકરો પાઉં લઈ જતો દેખાય છે.

ઉપરથી એક છોકરી બારી ખોલીને, દોરડાથી એક ટોકરી નીચે લટકાવે છે. છોકરો એ ટોકરીમાં થોડા પાઉં રાખે છે. મારી જેમ જ એ છોકરાને પણ રોજ ઘણા ઘરોમાં જવું પડે છે. પણ એ છોકરામાં મારા જેવી તાકાત નથી અને એ મારા જેવું કામ કરી ન શકે. કોઈ ભારે બોટલ માટે ઉપરથી ટોકરી લટકાવતું નથી! હું એને મારા ખભા પર ઉપાડું છું. એને દોરડાથી ઉઠાવવી મુશ્કેલ થાય.



મને ગુલાબનું શરબત વેચવાવાળાનો અવાજ એને જોતા પહેલા સંભળાય છે. એ સડક પર ચાલતા-ચાલતા બે કપ અથડાવે છે જેથી લોકો એનો અવાજ સાંભળીને એની પાસે શરબત પીવા આવે.

હું એને જોઈને સ્મિત કરું છું. પણ અમારી આંખો મળે છે. અમને ખબર છે કે અમે બંને એક જ દિવસ અને એક જ શહેર સાથે જોડાયેલા છીએ.

હું એની પાસેથી ગુલાબનું શરબત ખરીદતો નથી. પણ એને જોઈને મને આસપાસની ગરમી અને જોરદાર તરસનો અહેસાસ જરૂર થાય છે. હું ગાડીમાં રાખેલી પાણીની બોટલમાંથી પાણી પીઉં છું. હું ગાડીમાં હંમેશા પાણીની બોટલ ચોક્કસ રાખું છું.

મારે ઘણી જગ્યાએ ઉભા રહેવાનું છે, અને ત્યાં સાંકડી સીડીઓ પર ભારે બોટલ લઈને ચઢવાનું છે. અને પછી હું મારી ગાડીમાં પાછો આવી જઈશ. મારી ગધેડા ગાડી કરિંક રિંક રિંક, કરિંક રિંક રિંક અવાજ કરતી આગળ વધશે.

આજનો દિવસ બહુ લાંબો છે. કદાચ આજે પરિવારના લોકોને મારુ રહસ્ય બતાવવાનો મોકો ન મળે. પણ મને ખબર છે કે આ દિવસ પણ વીતી જશે, અને પછી મને બીજો કોઈ સારો મોકો જરૂર મળશે.





અંતે હું ઘરે પહોંચું છું. સૂર્યાસ્ત થઈ ચુક્યો છે અને બધી બાજુ અંધારું થઈ ગયું છે. એ ગાઢ અંધારામાં, સફેદ અને કાળા દોરા વચ્ચેનું અંતર કોઈ કળી ન શકે. માઁ એ ઘરમાં ફાનસ સળગાવ્યું છે. બધા મારા પાછા આવવાની રાહ જોઈ રહ્યા છે.

દિવસભરની વાત કહેવાને બદલે મેં એમને કહ્યું, "જુઓ, મારી પાસે તમને બતાવવા માટે કંઇક છે."

હવે રહસ્ય ખોલવાનો સમય આવી ગયો હતો. મેં એક ઊંડો શ્વાસ લીધો.

"જુઓ," મેં કહ્યું. "જુઓ, હું મારું નામ લખી શકું છું!"



હું મારુ નામ વારે-વારે લખું છું. પરિવારના બધા લોકો મને આશ્ચર્યથી જુએ છે. મને લાગે છે કે મારું નામ પણ, શહેરની જૂની ઇમારતોની જેમ, હજારો વર્ષો સુધી જીવતું રહેશે.